Accredited Grade "A" by NAAC(3rd Cycle)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

શારીરિક શિક્ષણ વિભાગ, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૧૧૧

ઈ-મેઈલ : phyedu@sauuni.ac.in

નં.શા.શિ/યો.દિ.ઉ./૦૭ /૨૦૨૧

તા.૧૮/૦૬/૨૦૨૧

વિષય : તા. ૨૧ જુન વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવા અંગે.

પરિપત્ર:

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સિન્ડીકેટ સભ્યશ્રીઓ, યુનિવર્સિટી કેમ્પસ સ્થિત અનુસ્નાતક ભવનોનાં સર્વે અધ્યક્ષશ્રી, અધ્યાપકશ્રી, તથા યુનિવર્સિટી સર્વે કાર્યાલયમાં ફરજ બજાવતા સર્વે ડેપ્યુટી રજીસ્ટ્રાર, આસિસ્ટન્ટ રજીસ્ટ્રાર, જે તે વિભાગનાં વડાશ્રી, નિયામકશ્રી, વિભાગીય અધિકારીશ્રી, તેમજ એન.એન.એસ. કો-ઓર્ડીનેટરને જણાવવામાં આવે છે કે સયુંકત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ વિદ્યા યોગને વૈશ્વિક વિરાસતમાં સામેલ કરવામાં આવેલ છે. તેમજ પ્રતિ વર્ષ ૨૧ જુન ને "વિશ્વ યોગ દિવસ" તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવેલ છે. કોરોના મહામારીને લીધે આ વર્ષે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કોવિડ-૧૯ ની માર્ગદર્શિકા પ્રમાણે આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવાનું નક્કી કરેલ છે. આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સ્વામી વિવેકાનંદ ઇન્ડોર સ્ટેડિયમ, સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે રાખેલ છે.

યોગ અંગેની તાલીમ સ્વામી વિવેકાનંદ ઇન્ડોર સ્ટેડિયમ, સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે તા.૧૯ અને ૨૦ જુન ૨૦૨૧ ૦૨ (બે) દિવસ માટે બપોરે ૦૩:૪૫ કલાકે યોગની તાલીમનું આયોજન કરેલ છે.

આ તાલીમમાં ઉપરોક્ત દર્શાવેલ કર્મચારીઓને તાલીમમાં જોડાવવા અને તા.૨૧ જુન ૨૦૨૧ ને સોમવારનાં રોજ સવારે ૦૬:૩૦ કલાકે "વિશ્વ યોગ દિવસ" ની ઉજવણીમાં જોડાવવા અંગે આપ સૌને હાર્દિક નિમંત્રણ છે.

<u>યોગની તાલીમમાં અને યોગ દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહેનાર શિબિરાર્થીઓ માટે સામાન્ય સુચનો નીચે મુજબ છે.</u>

(૧) કાર્યક્રમ નિયત સમયે શરૂ થઈ શકે તે હેતુથી યોગ શિબિરાર્થીઓએ સવારનાં ૦૬:૩૦ કલાકે પોતાનું સ્થાન ગ્રહણ કરી લેવાનું રહેશે.

(૨) શિબિરાર્થીઓએ સવારે ખાલી પેટે આવવું.

(૩) શિબિરાર્થીઓએ ૬×૪ ફૂટની શેતરંજી/આસન પટ્ટી તથા નેપકીન સાથે લાવવાનું રહેશે.

(૪) શિબિરાર્થીઓએ યોગ થઈ શકે તે પ્રકારનો ખુલતો પોષાક પહેરવો સલાહનીય છે.

(૫) મહિલાઓએ યોગ ક્રિયાને અનુકુળ રહે તે માટે પંજાબી ડ્રેસ પહેરવો સલાહનીય છે.

(૬) શિબિરાર્થીઓએ જો અનુકુળ અને ઉપલબ્ધ હોય તો સફેદ વસ્ત્રો પહેરવા.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસનાં કાર્યક્રમની ભવ્ય ઉજવણી થાય તે માટે ભવન અને વિભાગનાં ઉપરોકત દર્શાવેલ મુજબનાં સર્વે કર્મચારીઓ ફરજીયાત પણે શિબિરમાં હાજર રહે તેમજ એન.એસ.એસ.નાં ૧૦ વિધાર્થીઓ પણ યોગની શિબિરમાં જોડાય તે માટે સર્વે અધ્યક્ષશ્રીઓ/અધિકારીશ્રીઓને યોગ્ય વ્યવસ્થા ગોઠવવા જણાવવમાં આવે છે.

કુલસચિવ

<u>પ્રતિ,</u>

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સર્વે સિન્ડીકેટ સભ્યશ્રી.

(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ સ્થિત અનુસ્નાતક ભવનોનાં અધ્યક્ષશ્રી

(3) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સર્વે કાર્યાલયનાં ભવનોનાં વડાશ્રીઓ, નિયામકશ્રી

<u>નકલ રવાના યોગ્ય કાર્યવાહી અર્થે:-</u>

ડાયરેક્ટશ્રી, કોમ્પ્યુટર સેન્ટરશ્રી (વેબસાઈટ દ્વારા પ્રસિદ્ધિ અર્થે)

<u>નકલ સાદર રવાના:-</u>

(૧) માન.કુલપતિશ્રી/ માન.ઉપકુલપતિશ્રીનાં અંગત સચિવશ્રી.

(૨) માન.કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.

Scanned with CamScanner